R.N.I. No. : 66450/97 Ahmedabad Jurisdiction
(મો).૯૮૨૫૧૬૯૩૮૬

અમદાવાદથી દર શનિવારે પ્રસિદ્ધ થતું સાપ્તાહિક

# ગરવી નવક્રાન્તિ

તંત્રી : પ્રશાંત ધોળકીયા .મેનેજીંગતંત્રીઃ મિનાક્ષી ધોળકીયા
http://jagadishchristian.com
email:garvinavkranti @ yahoo.com

ESTD.YEAR- 22•ISSUE: 41 DATE: 13-10-2018•SATURDAY•PAGES: 4•PRICE Rs.1•YERLY SUB: Rs. 60/-

આપનું લવાજમ બાકી છે ? હા( )ના( )

If undelivered pl.return to સરનામાનું સ્ટીકર ઉખાડ્યા વગર પરત કરો

કાર્યાલય :૨/૧૦ સોનિયા એપાર્ટમેન્ટ પી.ટી.કોલેજરોડ,નારાયણનગર પાલડી,અમદાવાદ-૭

## જપ્પી અને પપ્પી સિવાય બહુ સફળ કહેવાતી વિદેશ નીતિમાં કંઇ નક્કર નથી : શત્રુઘ્ન સિંહા



ભાજપના સાંસદ શત્રુઘ્ન સિંહાએ કહ્યુ હતું કે વર્ષોથી મોદી મારા મિત્ર છે. પરંતુ ક્યારેય ચા વેચવાની વાત કરી હોય તેવું સાંભળ્યું નથી. ચા વેચવી ખરાબ નથી પણ ચાના નામે માર્કેટીંગ - ચા વેચવાવાળા ક્યાંથી ક્યાં પહોચી જાય છે ?એક વકીલ નાણાં વિભાગ સંભાળે અને બે વખત ચુંટણી હારેલી એક્ટ્રેસ સ્મૃતિ ઈરાનીને માનવ સંશાધન વિભાગ સોપાય તો હું કેમ એકટર થઈને આર્થિક સ્થિતિ વિશે વાત ના કરી શકું.

## ૨૦૧૪ની ચુંટણીમાં ભાજપે લોકોને ખોટા વચનો આપ્યાં હતા તેવી કબુલાત કેન્દ્રીય મંત્રી નીતિન ગડકરીએ કરી



૨૦૧૪ની લોકસભાની ચુંટણીઓ વખતે ભાજપે ચુંટાવા માટે અનેક ખોટા વચનો જનતાને આપ્યા હતા અને હવે સત્તા પર આવ્યા બાદ તેમને આ વચનો પુરા કરવાની કોઈ યોજના નથી.તેવું કેન્દ્રીય મંત્રી નીતિન ગડકરીએ કહીને કબુલાત કરી હતી.તેમની આ કબુલાતથી નરેન્દ્ર મોદી સરકારની સ્થિતિ પતલી બની ગઈ છે.હાલમાં એક જાતીય શોષણના એક અભિનેત્રીના આરોપોનો સામનો કરી રહેલા નાના પાટેકર સાથે તેમણે એક મરાઠી રીઅલ્ટી શોમાં છડેચોક આ કબુલાત કરી હતી.અને આ આખો એપીસોડ એક ચેનલ પરથી ચોથી અને પાંચમી ઓક્ટો.પણ પ્રસારીત છે.

જ્યારે પાંચ રાજ્યોમાં ચુંટણીની જાહેરાત કરાઈ છે ત્યારે અને આગામી વર્ષમાં લોકસભાની ચુંટણીનો તખ્તો તૈયાર થઈ રહ્યો છે ત્યારેગડકરીની આ કબુલાતથી ભાજપને ફાયદો થાય કે ના થાય પરંતુ મોદીના વાયદા સામે લોકોને પોતે છેતરાયાનો અફસોસ થાય તે સ્વાભાવિક છે.ગડકરીએ ઉમેર્યુ હતું કે અમે સત્તા પર આવીશું તેવી ધારણા ન હતી.આથી અમને મોટા વચનોની સલાહ અપાઈ હતી.હવે અમે સત્તા પર છીએ, લોકો અમને યાદ અપાવે છે કે અગાઉના વચનોની પરંતુ અમે તેને માત્ર હસીને આગળ વધી જઈએ છીએ. જોકે વચનોની લ્હાણી કરતી વખતે ભાજપની થીંક બેન્કને ખબર હતી કે પરિણામ ગમે તે આવે,તરફેણમાં આવશે તો ઠીક નહીં. ગાજરને પીપુડી સમજી ખાઈજવાનુ અને લોકો આવતી ચુંટણી સુધીમાં આ બધુ ભુલી જશે.

## મોદી શાસનમાં અર્થ વ્યવસ્થા પર ભારે સંકટ : યશવંત સિંહા

ભાજપના પુર્વ અગ્રણી અને એનડીએ સરકારમાં કેન્દ્રીય મંત્રી રહી ચુકેલા યશવંત સિંહાએ કાયદો અને વ્યવસ્થાની સ્થિતિ સાચવવાની જવાબદારી ગુજરાત સરકારની છે તેમ કહી તાકીદે અન્ય રાજ્યોના લોકોને પોલીસ પ્રોટેક્સન આપવા માંગ કરી છે.તેમણે પીએમ નરેન્દ્ર મોદી પર પ્રહાર કરતાં કહ્યું કે ૪ વર્ષમાં અર્થ વ્યવસ્થાનું સંપુર્ણપણે મીસ મેનેજમેન્ટ થયું છે.પેટ્રોલ-ડીઝલની વધતી કિંમતોને અટકાવવામાં સરકાર નિષ્ફળ ગઈ છે. જ્યારે ભાજપના બગાવતી સાંસદ શત્રુઘ્ન સિંહાએ કહ્યુ હતું કે મોદીની વિદેશ નીતિ બહુ સફળ કહેવાય છે પણ તેમાં જપ્પી અને પપ્પી સિવાય કંઈ નથી.રાષ્ટ્ર મંચના ઉપક્રમે યોજાયેલા કાર્યક્રમમાં ભાગ લેવા માટે રાષ્ટ્રીય નેતાઓ અમદાવાદ આવ્યા હતા. મીડીયા સાથેની વાતચીતમાં કરતાં ઠાકોરભાઈ દેસાઈ હોલમાં જાહેર પ્રવચનમાં યશવંત સિંહાએ કહ્યુ કે દેશ ખતરનાક સ્થિતિમાંથી પસાર થઈ રહ્યો છે.જો તમે સત્તા સામે કોઈ સવાલ પુછો તો તમનો દેશદ્રોહી,પાકિસ્તાની,ચીની કહેવાની નવી પરંપરા શરુ થઈ છે.આર્થિક હાલત ખાડે ગઈ છે.જીડીપીના વિકાસ દર અને અર્થતંત્રની જે હાલતનો મેળ ખાતો નથી. પેટ્રોલ- ડીઝલના ભાવ, બોરોજગારી, ઉત્પાદન, નિકાસ



વગેરેમાં જે હાલત દેખાય છે તે જોતા અર્થ વ્યવસ્થા પર ભારે સંકટ છે.તેને સંભાળવાની ક્ષમતા સરકારમાં નથી.૧૩ થી ૧૪ લાખ કરોડના પ્રોજેક્ટ વિલંબથી ચાલી રહ્યા છે.નાણાં મંત્રી અરુણ જેટલીને અર્થતંત્ર સિવાયની બાકીની બધી વાતોમાં સમજ પડે છે તેવો કટાક્ષ કરતાં તેમણે કહ્યુ હતું કે દેશમાં શેરબજાર અને ફોરેન એક્સચેઈન્જ પર સટ્ટાખોરો હાવી છે.૨૦૧૩માં ડોલર સામે રુપીયાનો ભાવ રુ.૬૦ હતો ત્યારે મોદીએ કહ્યુ હતુંકે રુપીયો આઈસીયુમાં છે.પરંતુ આજે બોલતાં નથી એટલે શત્રુઘ્નસિંહાની ભાષામાં કહીએ તો ખામોશ છે. રફાલ સોદો મોટું કૌભાંડ છે.તટસ્થ તપાસ થાય તો અનેક ચોકાવનારી વિગતો બહાર આવશે.લોકો કૌભાંડ કરીને દેશની બહાર ભાગી જાય છે તેવી વ્યવસ્થા કેવી છે. ૨૦૧૯માં લોકો પણ હવે આ ઈમાનદાર સરકાર છે તે સ્વીકારવા તૈયાર નહીં હોય.

શત્રુઘ્નસિંહાએ મોદી અને ભાજપ પર બેફામ પ્રહાર કરતાં કહ્યુ હતું કે મારો કોઈ સ્વાર્થ નથી એટલે હું કહી શકું છું કે હું ભાજપની ટીકા કરીશ પણ રાજીનામું નહીં આપું. તેમણે કાઢી મુકવો હોય તો કાઢી મુકે.પીએમ દ્વારા ૪ વર્ષમાં ૧૨૫ હવાઈ અડ્ડા બનાવ્યા અને સિંકદર ગંગા કિનારે આવ્યો હતો તેવા ગપગોળા ચલાવાય છે.તેમણે કંઈ પણ પુછો તો ૪ વર્ષનો હિસાબ આપવાના બદલે ભુતકાળમાં શું હતું તેમાં ચાલ્યા જાય છે.મોદીના મંત્રીમંડળમાંથી ૯૦ ટકા મંત્રીઓને કોઈ ઓળખતું નથી કે તેમને કોઈ મંત્રી માનતું નથી.કારણકે બધી જ બાબતો પીએમ ઓફીસમાંથી નક્કી થાય છે.અડવાણી મારા ગાઈડ છે અને તેથી આ કિંમત અમે ચુકવી રહ્યા છીએ તેમ કહેતા સિંહાએ દેશભક્તિનો ઠેકો તેમણે એકલાએ નથી લઈ રાખ્યો તેમ કહ્યુ હતું.

હાલની સરકારમાં વન મેન આર્મી અને ટુ મેન શો જેવી સ્થિતિ છે.એટલું જ નહીં એરોગન્સ એટીટ્યુડ અને ઈગો પણ દેખાઈ આવે છે.સ્વ વાજપેયી સરકાર વખતે લોકશાહી હતી અત્યારે તાનાશાહી છે.

ગુજરાત રાષ્ટ્રમંચના સંયોજક અને પુર્વ સીએમ સુરેશ મહેતાએ જણાવ્યુ હતુંકે સોનાના સુટ અને સીપ્લેનનો ઉપયોગ કરતાં નરેન્દ્ર મોદી સૌથી વૈભવી સત્તાધીશ છે. સ્ટેચ્યુ ઓફ યુનીટીનો ખર્ચ રુ.૨૯૦૦ કરોડનો હતો તે વધીને ૩૫ કરોડ પહોચ્યો છે.સહસંયોજક પ્રવીણસિંહ જાડેજાએ આભાર વિધિ કરી હતી.

**ગ્રાહક મિત્રોને વિનંતી.**

આપનું લવાજમ બાકી છે/ પૂરું થયેલ છે.સરનામાની ટીકડી ચેક કરો.લવાજમ અને આર્થિક સહયોગ મનીઓર્ડરથી નીચેના સરનામે મોકલી શકો છો.

**ગરવી નવક્રાન્તિ સાપ્તાહિક**

૨/૧૦ સોનિયા એપાર્ટ.
પીટીકોલેજ રોડ,નારાયણ
નગર અમદાવાદ - ૭
ફોન નં. ૯૮૨૫૧૬૯૩૮૬

## સમાજવાદી પાર્ટીના પ્રવક્તાએ ગુજરાતની યુપી-બિહારીની સલામતી સામે ચિંતા વ્યક્ત કરી

ધનશ્યામ તિવારી,પ્રવક્તા સમાજવાદી પાર્ટીએ કહ્યુ હતું કે ગુજરાતમાં યુપી-બિહારના લોકો સલામત નહીં રહે તો યુપીમાં મોદી અને ભાજપનું ભવિષ્ય પણ સુરક્ષિત નહીં રહે.તેમણે યુપીમાંથી બિસ્ત્રા પોટલા બાંધી જવું પડશે.

**ગરવી નવક્રાન્તિ સાપ્તાહિક વેબ સાઇટ ઉપર જોઇ શકો છો**
http://jagadishchristian.com
ઉપરોક્ત વેબ સાઈટ ઉપરાંત ફેસબુક http://facebook.com/robin.dholakia ઉપર પણ જોઈ શકાશે.

# ગરવી નવક્રાંતિ

ગુજરાતમાંથી પરપ્રાંતિય લોકોની હિજરત થઈ રહી છે તેના પાછળનું કારણ સાબરકાંઠાના હિંમતનગર શહેર નજીકથી એક બાળકી સાથે થયેલ દુષ્કર્મ છે.અને તેમાં સંડોવાયેલ વ્યક્તિ એક બિહારી તરીકે કહેવામાં આવતાં ઘણા બધા શહેરોમાં પરપ્રાંતિય લોકો સાથે મારઝુડ કરીને તેમને હિજરત કરવા માટે મજબુર કરવામાં આવ્યા.લગભગ એકાદ લાખ જેટલા શ્રમિકો પોતાના વતન જવા નીકળી ગયા. પરિણામે ઉદ્યોગોમાં ૭૦ ટકા શ્રમિકો પરપ્રાતિય છે અને તેમના જવાથી ઉત્પાદકતામાં૪૦ ટકાનો ઘટાડો અને કરોડોનું નુકશાન જશે.નુકશાન ભરપાઇ કરવામાં વરસો લાગી જશે.પહેલાની જેમ કામ શરુ કરવામાં ઘણો સમય લાગી જશે.જો કોઇ વ્યક્તિએ ખોટુ કામ કર્યુ હોય તો તેનેકાયદા પ્રમાણે દંડ મળવો જોઇએ,પરંતુ કાયદો હાથમાં લેવાનો કોઇને અધિકાર નથી. પરંતુ દુષ્કર્મ કરનાર વ્યક્તિ બિહારી મુળનો હોવાને કારણે સમગ્ર બિહાર-યુપીના લોકો પર લોકો તુટી પડ્યા અને સરકાર જોતી રહી.ગુજરાતમાં જે કાંઇ થઇ રહ્યું છે તેની પાછળ ગમે તે રાજકારણ હોઇ શકે છે પરંતુ તેને બાજુ પર મુકીને દેશમાં કાયદાનું પાલન થાય તે માટે સત્તા સ્થાને બેઠેલા લોકોએ ધ્યાન નહી આપીને દોષનો ટોપલો અન્યો પર ઢોળી દેવાથી જે કાંઇ બની રહ્યું છે તેની જવાબદારીમાં છટકી શકાય નહીં.

સરકારે શરુઆતમાં કાયદો અને વ્યવસ્થાની પકડ મજબુત રાખી હોત તો આ પરિસ્થિતિ સર્જાઇ ના હોત.હજારો લોકો પલાયન થઇ જાય પછી સરકાર રોદડા રોવા બેઠી છે.કોંગ્રેસના માથે ઠીકરા ફોડવા માટે નિવેદનો કરવા સિવાય સરકારી મશીનરીએ કાંઇ ઉકાળ્યું નથી. ગુજરાતમાં પાછળના વર્ષોમાં બનેલી ઘટનાઓમાં લઘુમતીઓને થયેલી હત્યાઓ પાછળ સરકારની સમયસર પગલાં ભરવાની નાકામયાબી જ જવાબદારી હતી કે અન્ય કોઇ કારણ હતું તે હજુ સુધી સાબિત થઇ શક્યું નથી.ગુજરાતમાંથી પર પ્રાંતિયોની હિજરત દેશમાં આવી રહેલી ચુંટણીઓમાં કેવા પરિણામો સર્જશે એ આવનારા દિવસોમાં જણાઇ આવશે.પરંતુ જે કાંઇ બની રહ્યું છે તેનાથી દેશ વિખરાવા તરફ આગળ વધી રહ્યો છે.આસામ,મણિપુર,મહારાષ્ટ્ર અને ગુજરાત પ્રપ્રાતિય પર અત્યાચારો ગુજારવામાં આવી રહ્યા છે.સૌથી વધુ શ્રમિકો યુપી,બિહાર, ઓરિસ્સા અને બંગાળના દેશના વિવિધ ભાગોમાં રોજગારી માટે જતા હોય છે. દેશના નાગરિકો તરીકે તેમના નાગરિકી અધિકારોનું રક્ષણ કરવાની દરેક પ્રાંતની સરકારની ફરજ અને જવાબદેહી બને છે.દેશને કાયદાની રાહે ચલાવવામાં નહીં આવે તો પછી સમગ્ર દેશમાં અરાજકતાની સ્થિતિ ઉભી થશે.આ દેશ બધાનો છે.અહીયા કોઇની સાથે ધર્મ,જાતિ, રંગના આધારે ભેદભાવ કરવો જોઇએ નહીં.

## મંતવ્ય

કૌભાંડોની હેડલાઇનો લગભગ ભુંસાવા લાગી ,ત્યાં મીટુ નામના અભિયાનનો ઉદય થયો અને જાહેર જીવનમાં પડેલી વ્યક્તિઓ પર મહિલાઓનો સતાવણીનો પર્દાફાશ કરતો નવો એક ખેલ શરુ થયો.દેશભરમાં આ અભિયાન શરુ થયું છે. જેમાં રાજકારણીઓ અને ફિલ્મી હસ્તીઓ પર એટેક થઇ રહ્યા છે.જેમાં ૧૦ વર્ષ પહેલાં આવું થયું હતું તેવું કહીને તેમની કારકીર્દીને કલંકિત કરવાનો પ્રયાસ થઇ રહ્યો છે. કેટલાક બનાવોની છાનભીન કરીએ તો તેમાં માત્ર એવુ કરવા પાછળનો કોઇ ખોટો આશય હોવાની શંકા ઊભી થાય છે.ફિલ્મીસ્તાનમાં ગીવ એન્ડ ટેક જેવી બાબતો બનતી રહી છે અને બનતી આવી છે.જેમાં કેટલાક અપવાદો હોઇ શકે છે.બધી જ વખતે બધા ગુનેગાર હોઇ ના શકે.કેટલાકને દંડિત કરવા માટેના પ્રયત્નો કે લાઇમલાઇટમાં ફરીથી આવવાના પ્રયત્નો પણ હોઇ શકે છે.ભ્રષ્ટાચાર વિરોધી અભિયાનમાં પણ મોટો ભ્રષ્ટાચાર ચાલે છે તેવુ કહેવાયું છે.બાળ વિકાસ અને મહિલા વિભાગ સંભાળતા કેન્દ્રીય મંત્રી મેનકા ગાધીએ આ ઝુંબેશથી બહાર આવેલા જાતીય સતાવણીના કેસોમાં દેખરેખ માટે એક કમિટિની રચના કરવાની જાહેરાત કરી નાંખી છે.તેમાં સભ્યો તરીકે કાનુની અને ન્યાયિકક્ષેત્રના વરિષ્ઠ લોકોનો સમાવેશ થાય છે.જો કે ન્યાયિક ક્ષેત્રના એક મહિલા જજે વરિષ્ઠ જજની સામે જાતીય સતાવણીની ફરિયાદ કરી છે તો પછી આ કમિટિમાં આવનારા લોકો માટે કોણ સારાનું સર્ટી આપશે.

મનહર કે. ઉપાધ્યાય


સેરેના ચેરીટેબલ ટ્રસ્ટ સંચાલિત

**કેર કોમ્પ્યુટર સેન્ટર**

ફક્ત રૂ. ૨૦૦/-માં કોમ્પ્યુટર શિક્ષણ...સાથે ઇંગ્લીશ સ્પીકીંગ ફ્રી. માત્ર બહેનો માટે જ ચાલતો કોમ્પ્યુટર કલાસ,

કોમ્પ્યુટરમાં સાક્ષર બની ઉજ્જવળ ભવિષ્ય બનાવો.

હેડ ઓફિસ :- ૧૧, તેજેન્દ્ર કોમ્પ્લેક્ષ, હાટકેશ્વર સર્કલ પાસે, હાટકેશ્વર, અમરાઇવાડી, અમદાવાદ-૩૮૦૦૨૬.મો. નં:૯૯૨૫૨૭૪૧૭૫

બ્રાન્ચ ઓફિસ : ૧૪ સેલર, સરદાર કોમ્પ્લેક્ષ, સમજુબા સ્કૂલ સામે, ગોવિંદવાડી, ઇસનપુર અમદાવાદ.મો. નં:૯૮૯૮૦૭૨૮૮૧


# આંદોલનોમાં થતા નુકશાન માટે નેતાઓને જેલ અને દંડનો સુપ્રીમ કોર્ટનો નિર્દેશ

સુપ્રીમ કોર્ટે હિંસક આંદોલનો સામે આકરુ વલણ અપનાવતાં જણાવ્યુ હતું કે આંદોલનો અને બંધના એલાનો દરમિયાન થતાં મોત અને જાહેર તથા ખાનગી સંપત્તિના નુકશાન માટે ટોળાને હિંસા માટે ઉશ્કેરનારા સંગઠનોના નેતાઓને વ્યક્તિગત રીતે ક્રિમિનલ કેસનો સામનો કરવો પડશે.તેમણે હિંસાનો ભોગ બનેલા પીડીતોને વળતરની ચુકવણી કરવી પડશે.નિવૃત થયેલા ચીફ જસ્ટીસ દિપક મિશ્રા,જસ્ટીસ એ.એમ. ખાનવિલકર અને ડીવાય ચંદ્રચુડની બેન્ચે ફિલ્મો, સાંસ્કૃતિક કાર્યક્રમો અને કલાની સ્વતંત્રતાની વિરુધ્ધમાં દેખાવોના નામે જાહેર અને ખાનગી સંપત્તિને નુકશાન પહોચડવા માટે ટોળાંને ઉશ્કેરનાર સંગઠનોના નેતાઓ પર ગુનાઇત જવાબદારી લાદવાનો આદેશ આપ્યો હતો.બેન્ચે જણાવ્યુ હતું કે ટોળા દ્વારા થતી હિંસા અને થતાં નુકશાનની ભરપાઇ કરવા માટે કરદાતા પર બોજો નાંખી શકાય નહી.સુપ્રીમ કોર્ટે જણાવ્યુ કે હિંસામાં ભાગ લેનાર દરેક વ્યક્તિ સામે આઇપીસીની ધારા ૧૫૩એ, ૨૯૫એ, ૨૯૮ અને ૪૯૫ અંતગર્ત કેસ નોંધવામાં આવે.જો નેતાઓ દ્વારા કોઇ વ્યક્તિ સોશ્યલ મિડીયાના ગ્રુપ અથવા પ્રવકતા દ્વારા હિંસાનું



આહવાન કરાશે તો પણ કેસ નોંધવામાં આવશે.સુપ્રીમ કોર્ટે આદેશ આપ્યો છે કે હિંસા આચરતાં લોકો પીલસ દ્વારા રંગેહાથ પકડાય તો તેમની તાત્કાલિક ધરપકડ કરવામાં આવે.જો કોઇ નેતા સબંધિત પોલીસ સ્ટેશનમાં હાજર નહી થાય તો તેની સામે શંકાસ્પદ તરીકે કેસ ચલાવવામાં આવે અને તેને ભાગેડુ અપરાધી જાહેર કરાય.


**કાર ભાડે મળશે**



**લગ્ન તેમજ શુભ પ્રસંગ માટે ડિઝાઇનર કાર મળશે**



**મોબાઇલ : ૮૫૧૧૮૯૯૧૯૭**

**લિમોઝીન, બીએમ ડબલ્યુ , ઓડી , મર્સીડીઝ તથા અન્ય મેરેજ કાર મળશે**




# સર્વોચ્ચ અદાલતના ચીફ જસ્ટીસ દિપક મિશ્રા નિવૃત થતાં તેમના અનુગામી તરીકે જસ્ટીસ રંજન ગોગોઇ ચાર્જ સંભાળશે

દેશના મુખ્ય ન્યાયમુર્તિ દિપક મિશ્રા નિવૃત થતાં તેમના અનુગામી તરીકે જસ્ટીસ રંજન ગોગોઇએ તેમના અનુગામી તરીકે ચાર્જ લીધો હતો.જસ્ટીસ દિપક મિશ્રાની ફેરવેલ પાર્ટીમાં તેઓ મુક્ત મને બોલ્યા હતા તેમજ અનેક મુદ્દાઓ પર ચર્ચા પણ કરી હતી.તેમણે કહ્યુ હતુંકે હું લોકોને ઇતિહાસની રીતે જજ નથી કરતો. હું એવુંપણ કહી નથી શકતો કે તમે તમારી વાત અટકાવો, જેથી બું બોલી શકું.હું તમારી વાત સાંભળીશ અને પોતાની રીતે મારી વાત રજુ કરીશ.લોકોને ઇતિહાસથી નહી તેમની ગતિવિધિ અને વિચારથી જજ કરુ છું.તેમણે કહ્યુ કે સમતાની સાથે ન્યાય મતલબ કે જસ્ટીસ વિથ ઇક્વિટી ત્યારે સાર્થક થસે જયારે દેશના સુદુર વિસ્તારમાં કોઇનો કોઇ વ્યક્તિને ન્યાય મળશે.ન્યાયનો માનવીય ચહેરો અને માનવીય મુલ્યો હોવા જોઇએ.ગરીબ અને ધનિકના આંસુ સરખાં છે. તેમણે કહ્યુ કે હું પણ યુવા પેઢીનો ભાગ છું ઇન્સાફનો ચહેરો અને ઝોક માનવીય હોવો જોઇએ.

પોતાના અનુગામી જસ્ટીસ ગોગોઇની પ્રશંસા કરતાં તેમણે કહયું કે તેઓ ન્યાયિક સ્વાયતતા અને ગરિમાને આગળ વધારતા રહેશે.ભારતીય ન્યાયતંત્ર સંપુર્ણ દુનીયામાં સૌથી મજબુત છે.અહી લોકોના અધિકારોને સલામત રાખવામાં આવે છે.આ તમામ જજોને કારણે સંભવ છે.તેમ જણાવતાં તેમણે કહ્યુ કે અનેક હુમલા છતાં અમારુ ન્યાયતંત્ર મજબુત છે.

## જાણવા જેવું

સાઉદીમાં એક સ્ત્રીએ પોતાના પતિને દેખતો કરવા પોતાની એક આંખ આપી હતી, પછી પતિને એક આંખવાળી પત્ની ન ગમવાથી તેણે બીજા લગ્ન કર્યા હતા.

લુઇ સોળમા સામે ફ્રાંસમાં ક્રાંતિ થઇ હતી.તે સમયે એક શહીદની પુત્રીના ચિત્રના સોથબીન લીલામમાં સાઇઠ લાખ ડોલર ઉપજ્યા હતા.

મારીયો બ્રાન્ડો દિગ્દર્શિત ફિલ્મ ગોડફાધરની ઓરીજીનલ સ્ક્રીપ્ટની હરાજી ૨૦૦૫માં કરવામાં આવી હતી ૧૭૩ પાનાની આ સ્ક્રીપ્ટના ૩ કરોડ,૧૨ લાખ રૂપીયા ઉપજ્યા હતા.


**★ નીલા ફાઇનાન્સ ★**

આપની બચત યોગ્ય સ્થાને મુકવી છે.?

જેવી કે માસિક આવક યોજના,રાષ્ટ્રીય બચત પત્રો,કિસાન વિકાસ પત્ર,ટાઇમ ડીપોઝીટ તથા રીકરીંગમાં રોકાણ કરવા માટે, તેમજ વીમા, મ્યુચ્યુઅલ ફંડ, તથા પાન કાર્ડ માટે મળો.

*નીલા સી.ગામડીયા*

'નીલીવા કુંજ' પંડિત નહેરુ વિદ્યાવિહારની બાજુમાં, બહેરામપુરા, અમદાવાદ -૩૮૦૦૨૨ ● ફોન નં.૨૫૩૫૫૯૫૮,૨૫૩૮૩૩૨૨

# રફાલ ડીલના મુદ્દે સરકારને કલીન ચીટ આપી નથી : એનસીપી નેતા શરદ પવાર

મહારાષ્ટ્રના બીડમાં એક રેલીને સંબોધન કરતાં શરદ પવારે ગત સપ્તાહે આપેલા નિવેદનથી વિરુધ્ધમાં જણાવ્યુ હતું કે એમણે ક્યારેય રફાલ ડીલને લઈને કેન્દ્રની એનડીએ સરકારનું સમર્થન કર્યુ હોય કે કલીન ચીટ આપી હોય.પવારે કહ્યુ હતું કે આ કૌભાંડમાં તેમણે સંયુક્ત સંસદીય સમિતિની તપાસની માંગણી કરી છે.

ફ્રાંસના  રફાલ યુધ્ધ વિમાનનીડીલને લઈને કેન્દ્ર સરકાર વિપક્ષના નિશાના પર છે. વિપક્ષી દળોમાં હવે એનસીપીના નેતા શરદ પવાર પણ સામેલ થઈ ગયા છે.પવારે રફાલ ડીલને લઈને મોદી સરકારને ક્યારેય કલીન ચીટ આપી નથી.એનસીપીના નેતા એ માંગ કરી કે કેન્દ્ર સરકાર રફાલ વિમાનના ભાવનો ખુલાસો કરે અને જોઈન્ટ પાર્લામેન્ટરી કમિટી(જેપીસી) પાસે તપાસ કરાવે. અહી એ નોધવું રહ્યું ખે કોગ્રેસ શરુઆતથી રફાલ ડીલ માટે જેપીસીના માંગણી કરી રહી છે.આમ એનસીપીના નેતા શરદ પવારે જેપીસી તપાસ માટે કોગ્રેસને સમર્થન આપ્યું છે.જો રફાલ ડીલના મામલે યશવંત સિહા અને અરુણ શૌરી પણ જેપીસીની તપાસ માટે માંગણી કરી રહ્યા છે.સરકાર હવે જિદે ભરાઈ હોય તેમ લાગે છે. કારણકે રોજ એક કેન્દ્રીય મંત્રી આ ડીલને છાવરવાનો પ્રયત્ન કરે છે. ફ્રાંસના પ્રમુખ જેમની હાજરીમાં આ ડીલ થઈ તેઓએ આપેલા નિવેદનને તેઓ વળગી રહ્યા છે.

# એચ-૪ વિઝા ધારકોની વર્કપરમિટ ૩ મહિનામાં રદ કરી દેવાશે : ત્રણ મહિનામાં નવા નિયમો ટ્રમ્પ સરકારની મંજુરી માટે મુકાશે : યુએસઆઇડી

અમેરિકામાં ઓબામાના શાસનકાળમાં લાગુ કરાયેલા નિયમોનો સૌથી મોટો લાભ મેળવનાર ભારતીય મહિલાઓ પર સીધી અસર કરે તેવો નિર્ણય ડોનાલ્ડ ટ્રમ્પ સરકાર દ્વારા લેવાઈ રહ્યો છે.ટ્રમ્પ સરકારે ફેડરલ કોર્ટને જણાવ્યુ છે કે એચ-૪ વિઝા ધારકોની વર્ક પરમિટ રદ કરવાનો નિર્ણય ૩ મહિનામાં લેવાશે. અમેરિકામાં એચ-૧ બી વિઝા ધારકોના જીવનસાથી અને ૨૧ વર્ષથી ઓછી વયના સંતાનોને એચ-૪ વિઝા આપવામાં આવે છે. આ વિઝા અંતગર્ત તેમને વર્ક પરમીટ અપાતી હોય છે.જેથી તેઓ અમેરિકામાં કાયદેસર રીતે નોકરી કરી શકે છે.ડિપાર્ટમેન્ટ ઓફ હોમલેન્ડ સિક્યોરીટી દ્વારા અદાલતમાં કરાયેલી રજુઆતમાં જણાવવામાં આવ્યું છે કે અને એચ-૧બી વિઝાધારકોના પરિવારજનોને એચ-૪ વિઝા અંતગર્ત મળતી વર્ક પરમિટની જોગવાઈ નાબુદ કરવા જઈ રહ્યા છે. આ દિશમાં નક્કર અને ઝડપી પગલાં લેવામાં આવી રહ્યા છે.નવા નિયમો ૩ મહિનામાં વ્હાઈટહાઈસની બજેટ મેનેજમેન્ટ ઓફિસને સોપી દેવાશે.

ડીએચએસે નવા નિયમો સરકારને સોપાય નહીં ત્યાં સુધી અમેરિકી કામદારોનું પ્રતિનિધિત્વ કરતી સેવ-જોબ્સ યુએસએ સંસ્થા દ્વારા દાખલ કરાયેલી અરજી પરનો નિર્ણય સ્થગિત રાખવા અપીલ કરી છે.આ સંસ્થાનો દાવો છે કે અગાઉની ઓબામા સરકાર દ્વારા શરુ કરાયેલી નીતિને કારણે અમેરિકનો નોકરી ગુમાવી રહ્યા છે.

ઓબામા યુગનો નિયમ નાબુદ થવાથી સૌથી વધુ અસર ભારતીયો પર પડવાની છે.૨૫ ડિસે.૨૦૧૭ સુધીમાં અમેરિકન ઈમીગ્રેશન વિભાગે એચ-૪ વિઝાધારકોની રોજગાર માટેની ૧,૨૬,૮૫૩ અરજીને મંજુરી આપી હતી. મે ૨૦૧૫માં નિયમ લાગુ થયા બાદ આ તમામ મંજુરી અપાઈ હતી. જેમાં ૯૦,૯૪૬ પ્રારંભિક મંજુરી,૩૫૨૧૯ રિન્યુઅલ્સ અને ૬૮૮ રિપ્લેસમેન્ટ અરજીઓનો સમાવેશ થાય છે. વિઝા એચ-૪ અંતગર્ત અપાતી ૯૩ ટકા વર્ક પરમિટ બારતીયો મેળવે છે. પાંચ ટકા વર્ક પરમિટ ચીની નાગરિકોને મળે છે. અમેરિકામાં દર વર્ષે સોથી વધુ એચ-૧બી વીઝા ભારતીય વ્યાયવસાયિકોને ફાળવવામાં આવે છે. તેના પગલે સૌથી વધુ એચ-૪ વિઝા પણ ભારતીયોને હિસ્સે આવે છે. આ વિઝાથી તેમને અમેરિકામાં પણ કાયદેસર રોજગારી મળી રહે છે.

AGNELO FREE MARRIAGE SERVECES, INDIA
agnelofreemarriagebureau@gmail.com.
parmar_kanu2002@yahoo.co.in
http://jagadishchristian.com/
Conact No.0091 9824489344,
(R)0091-2692-260332

# કેન્સર થેરાપી વિકસિત કરનારા બે વિજ્ઞાનીઓને મેડિસીનનો નોબલ પુરસ્કાર




આ વર્ષે વિશ્વના સૌથી પ્રતિષ્ઠિત મેડિકલ સાયંસ માટેનો નોબલ પુરસ્કાર કેન્સર સબંધી સારવારની શોધ કરનારા અમેરિકી અને જાપાની સંશોધકને આપવામાં આવ્યો છે.જેમ્સ પી એલીસન અને તાસુકા હોજોને કેન્સર થેરાપીની શોધ કરવા માટે આ સન્માન આપવામાં આવી રહ્યુ છે.કેન્સરની અસાધ્ય બિમારીના ઈલાજ માટે આ બંને વૈજ્ઞાનિકોએ એવી થેરાપી વિકસિત કરી છે કે જેનાથી શરીરની કોશીકાઓમાં (સેલમાં) ઈમ્યુન સિસ્ટમને કેન્સર ટ્યુમર સામે લડા માટે મજબુત બનાવી શકાશે. નોબેલ એસેમ્બલીએ કહ્યુ કે જેમ્સ એલીસન અને તાસુક હોન્જોએ નેગેટિવ ઈમ્યુન રેગ્યુલેશન પ્રતિરોધ થેરાપી શોધી છે જો કેન્સરની સારવારમાં ઉપકારક નીવડશે.ઈમ્યુન ચેકપોઈન્ટ ઈનહિબિટર થરાપી અંતગર્ત કેટલાક ઈમ્યુન સિસ્ટમ સેલ પ્રોટીન અને કેન્સરના સેલને ટાર્ગેટ કરે છે. પ્રોટીન કેન્સરના સેલને મારવા માટેની એક સંરક્ષણ દિવાલ રચે છે.એલીસન ટેકસાસ યુની.ના પ્રોફેસર છે અને હોન્જો ક્યોટો યુનીમાં ભણાવે છે.૨૦૧૪નું એશિયા નોબેલ ગણાતું તાંગ પ્રાઈઝ તેઓ જીતી ચુક્યા છે. બંનેને નોબેલ સમિતિ દ્વારા ૮,૭૦,૦૦૦ યુરો આપવામાં આવશે.

બીજી તરફ આ વર્ષે સાહિત્ય ક્ષેત્રમાં કોઈને નોબલ પ્રાઈઝ આપવામાં આવશે નહીં.૭૦ વર્ષમાં પહેલીવાર એવું બનશે કે સાહિત્યનું નોબેલ પુરસ્કાર  કોઈને અપાશે નહીં.કારણકે સ્વીડનમાં સાંસ્કૃતિક ગતિવિધિના ખ્યાતનામ ચહેરા તરીકે ઓળખાતા ફ્રાંસના નાગરિક ઝ્યાં-કલાઉડ અર્નોલ્ટ પર યૌનશોષણનો આરોપ મુકાયો છે. જો કે કેન્સરની દુર્લભ બીમારીના ઈલાજ માટે નવી શોધ કરનાર બંને વૈજ્ઞાનિકોને મેડિકલ ક્ષેત્રે માટે નોબેલ પુરસ્કાર ચોક્કસ અપાશે.

# આંખ માટે લેસર ટેકનીક શોધનાર ત્રણ વિજ્ઞાનીઓને ફિઝિક્સનો નોબલ પુરસ્કાર





ભૌતિક વિજ્ઞાન(ફીઝીક્સ)ના ક્ષેત્રમાં આ વર્ષે ત્રણ વ્યક્તિઓની નોબલ પુરસ્કાર માટે પસંદગી કરવામાં આવી છે.જેમાં લેસર ફીઝીકસના ક્ષેત્રમાં કરાયેલી આધુનિક શોધ માટે ત્રણ વિજ્ઞાનીઓને નોબલ એનાયત થશે.આ ત્રણ વિજ્ઞાનીઓમાં અમેરિકાના આર્થર અસ્કીલ,ફ્રાંન્સના જેરાર્ડ મોઉરો અને કેનેડાના ડોના સ્ટ્રિકલેન્ડ સામે છે. આ ત્રણેય વિજ્ઞાનીઓએ લેસર ફીઝીક્સમાં જે શોધ કરી છે તેનાથી ઈન્ડ્રસ્ટી અને ચિકિત્સા ક્ષેત્રમાં અત્યંત  એડવાન્સ મશીનનો માર્ગ સરળ બન્યો છે.વિજ્ઞાની આર્થર અસ્કીન ૯૬ વર્ષના છે અને તેમણે ઓપ્ટીકલ ટ્વીઝર્સની શોધ કરી છે જે તેને લેસર બીમ ફિગર્સ દ્વારા પાર્ટીકલ્સ ,અણુઓ,વાયરસ અને અન્ય સજીવ કોષોને પકડી શકે છે.રોયલ સ્વીડીશ એકેડમી ઓફ સાયંસે આ અંગે ટીપ્પણી કરી હતીકે તેઓની આ શોધમાં પ્રકાશના રેડિયેશન પ્રેસરનો ઉપયોગ તેવો કરી શકે છે. અનેસાયન્સ ફિકશનનું સૌથી જુનુ સ્વપ્ર હતુ જે સાકાર થયું છે.ડોના મહિલા વિજ્ઞાની છે અને તેઓ ફીઝીક્સમાં નોબલ મેળવનારા ત્રીજા મહિલા છે.

જાહેરાત માટે સંપર્ક કરો
આપની વ્યવસાયલક્ષી કે લગ્ન સબંધી,જાહેરાત વિશાળ વાચક વર્ગ સુધી ઝડપથી પહોચાડવા માટે અમારો સંપર્ક કરો.
નવક્રાન્તિ સાપ્તાહિક
9825169386

ગ્લોરી કેટરીગ સર્વીસ
આપને ત્યાં ઉજવાતા માંગલિક પ્રસંગો`જેવાકે સગાઇ, લગ્ન, રિસેપ્સન, બર્થડે પાર્ટી તથા નાના મોટા જમણવારોમાં જમણ અંગેની તમામ વ્યવસ્થા વ્યાજબી ભાવે કરી આપીશુ.
શુધ્ધ, સાત્વીક,સ્વાદિષ્ટ રસોઇ માટે એકવાર મુલાકાત ગોઠવો અને નિશ્ચિત બની આપના પ્રસંગનો અનેરો આનંદ માણો
ચિંતા વગરનો પ્રસંગ એ જ પ્રસંગનો આનંદ
સંપર્કઃ જહોન એમ.મેકવાન
૮/૪૪,આશા એપાર્ટ,કિરણ પાર્ક પાસે,નવા વાડજ,અમદાવાદ-૧૩
ફોન નં.૨૭૫૫૯૦૮૩ મો,૯૩૭૫૨૦૯૯૨૪

# ભારતમાં તમામ શાકાહારી બને તેવી પીટીશન કરનારાને સુપ્રીમ કોર્ટે આકરી ટકોર કરી ખખડાવ્યા

ભારતમાં માંસની નિકાસને પડકારતી અરજી કરનાર એર પીટીશનરને સુપ્રીમ કોર્ટે ખખડાવ્યા હતા અને આકરી ટકોર કરી હતી કે શું તેમે દેશમાં દરેકને શાકાહારી બનાવવા ઈચ્છો છો ?

દેશમાં માંસની નિકાસને પ્રોત્સાહન ન આપવું જોઈએ તે અંગેની માંગણી કરતી એક જાહેર હિતની અરજી પર જસ્ટીસ મદન બી લોકુર અને દિપક ગુપ્તાની બેન્ચે આ તારણ કાઢ્યું હતું . બેન્ચે કહ્યુ હતું કે દરેક લોકો શાકાહારી બને તેવો આદેશ અને જારી કરી શકીએ નહીં.

પીટીશનરના વકીલે બેન્ચે આ મામલાની સુનાવણી કરવા કોર્ટે આગ્રહ કર્યો હતો તો કોર્ટે ફેબ્રુઆરી સુધી તેની સુનાવણી ટાળી દીધી હતી.દેશમાં ઓર્ગેનીક ફાર્મિંગને



પ્રોત્સાહન આપવાના મુદે કરાયેલી અલગ પીટીશનની સુનાવણી કરી હતી. અને કહ્યુ હતું કે આ મામલે સરકારે નક્કી કરવું જોઇએ.

પીટીશનરના વકીલે કોર્ટેને કહ્યુ હતું કે તેમણે આ મામલો સરકાર સમક્ષ ઉઠાવ્યો હતો પરંતુ કોઇ પગલાં લેવાયા નથી તો તેના જવાબમાં કોર્ટે કહ્યુ હતું કે આ બાબતો અંગે સરકારને કહેવાનું અમારુ કામ નથી.

# શાળાના શિક્ષકોએ પોતાના ચારિત્ર્યનું ૨૦રુના સ્ટેમ્પ પેપર પર પ્રમાણપત્ર આપવું પડશે : શિક્ષણ વિભાગનો આદેશ

શાળા સલામતીના ભાગરુપે શિક્ષણ વિભાગે હવે શિક્ષકોના કેરેકટર અંગેના પ્રમાણપત્ર માંગી રહ્યુ હોવાની વિગતો સામે આવી છે.પોરબંદર જિલ્લાના શિક્ષણાધિકારીએ શિક્ષકો પાસે કેરેકટર મુદ્દે સ્ટેમ્પ પેપર પર એફિડેવીટ કરવાનો પરિપત્ર જારી કર્યો છે.જેમાં પોક્સો સહિતના વિવિધ ગુનાહિત કૃત્યમાં ક્યારેય સામેલ નથી તેવું એફિડેવીટ શિક્ષકો પાસે માંગવામાં આવ્યું છે.જેની એક નકલ સ્કુલમાં અને બીજી નકલ ડીઈઓ કચેરીમાં જમા કરાવવાનું કહયુ છે.

ડીઈઓએ પરિપત્ર કરી આદેશ કર્યો છે કે સ્કુલ સેફ્ટિ પોલીસી અનુંસંધાને તમામ ખાનગી અને સરકારી પ્રાથમિક શાળાના શિક્ષકોએ પોતાના કેરેકટર અંગેનું પ્રમાણપત્ર રુ.૨૦ના સ્ટેપ પેપર પર આપવાનું રહેશે.જેમાં પોક્સો અને બાળ ન્યાય અધિનિયમ અથવા અન્ય જાતીય તથા હિંસક ગુનાઓમાં દોષિત ઠરેલ નથી તેવું સોગંદનામું કરવાની સુચના આપી છે. ઉલ્લેખનીય છે કે શાળા સલામતી અંગેની સુપ્રીમ કોર્ટ દ્રારા ગાઈડ લાઈન જારી કરેલી છે. જેમાં ફાઈયર શેફટીથી લઈને તમામ પ્રકારના મુદાઓને આવરી લેવામાં આવ્યા છે.જે અંગેનો શિક્ષણ વિભાગે ગત વર્ષે આ પરિપત્ર જારી કર્યો હતો.

# મહિલાઓ સાથે સન્માનથી વર્તવાની શીખ આપતાં રાહુલ ગાંધી

કોંગ્રેસ અધ્યક્ષ રાહુલ ગાંધી મી ટુ અભિયાનને સમર્થન આપતાં ટ્વીટ કર્યુ હતું કે મહિલાઓ સાથે પુરા સન્માન અને ગરિમાપુર્વક વર્તાનનો શિષ્ટાચાર શીખવાનો સમય આવી ચુક્યો છે.તેમણે એમ પણ કહ્યુ હતું કે મહિલા પ્રતિ સન્માન ના ધરાવનારા માટે હવે જાહેર જીવનમાં કોઈ સ્થાન નહી રહે તેવો સમય આવી ગયો છે તેનો આનંદ છે.પરિવર્તન લાવવા માટે સચ્ચાઈને ઉંચા અવાજે સ્પષ્ટ શબ્દોમાં વાચા આપવી જરુરી છે. મીટુ અભિયાન હેઠળ હવે સંખ્યાબંધ મહિલાઓ જાહેરમાં આવીને શક્તિશાળી લોકોને બેનકાબ કરી રહી છે.




ખુશ ખબર.. ખુશ ખબર.. ખુશ ખબર...

ખ્રિસ્તી સમાજ માટે બી.પી ઈન્સ્ટ્રુમેન્ટ, ગ્લુકોમીટર, થર્મોમીટર, સ્પાઈરોમીટર તેમજ કોઈપણ સર્જીકલ આઈટમો તદ્દન વ્યાજબી ભાવે મળશે.

**અમી સર્જીકલ**

**જય ક્રિશ્ચિયન**

૧૩,સહયોગ પાર્ક-૧
,ન્યુ ગામડી રોડ, આણંદ.૧
મો.:૮૨૩૮૦૦૧૯૮૯
૯૮૨૪૩૬૨૪૬૨



**ઇન્ટરનેશનલ જીવનસાથી પસંદગી કેન્દ્ર**

- દેશ,વિદેશ તથા ડીવોર્સી પાત્રો માટે જીવનસાથી પસંદગી કેન્દ્ર
- આર્થિકરીતે નબળા,વિધવા કે બેરોજગાર યુવતીઓ પાસેથી
- રજીસ્ટ્રેશન ફી લેવામાં આવતી નથી.
- રજીસ્ટ્રેશન ફી સિવાય કોઇ ફી લેવાતી નથી.
- ફોટોગ્રાફ સાથેનો બાયોડેટા પોસ્ટથી મોકલી શકાશે.
- રજીસ્ટર લગ્ન તથા સમુહ લગ્ન માટેની વ્યવસ્થા મળી શકશે.
- લગ્નવાંચ્છુ યુવક-યુવતીઓના બાયોડેટા ઇન્ટરનેટ પર વિના મુલ્યે મુકી શકાશે.
- સ્વરોજગાર માટે વિના મુલ્યે સિલાઇ મશીન મેળવવા સંપર્ક કરવો
- ઇઝરાયેલની પવિત્રભુમિના પ્રવાસના પુસ્તકો મળશે.

**સંપર્ક :-શ્રી ભાઇલાલભાઇ એસ.ટેલર**

પાર્ક સ્ટ્રીટ,મેથો નર્સીંગસ્કુલ સામે.મિશન રોડ,નડીયાદ.
મો.૯૮૯૮૩૧૮૬૮૫. ૯૭૧૪૫૧૮૩૬૭


# એનડીએ સરકારના રાજમાં રુ. ૩ લાખ કરોડથી વધુ ચુનો સરકારી બેન્કોને લાગી ગયો

છેલ્લા ચાર વર્ષમાં રાષ્ટ્રીયકૃત બેન્કોએ જેટલી લોનની વસુલાત કરી છે તેનાથી સાત ગણી વધુ લોન તેમણે માંડવાડ કરી છે. મતલબ કે મોદી સરકારમાં ત્રણ લાખ કરોડથી વધુ રકમનો ચુનો સરકારી બેન્કોને લાગી ગયો છે. આ રિઝર્વ બેન્કે જારી કરેલા આંકડાઓમાં જણાવાયું છે.એપ્રિલ ૨૦૧૪ થી ૨૦૧૮ સુધી દેશની ૨૧ રાષ્ટ્રીયકૃત બેન્કોએ રુ. ૩,૧૬,૫૦૦ કરોડની લોનને રાઈટ ઓફ કરી દીધી છે. મતલબ કે ઘાલખાધમાં નાખી દીધી છે.તેની સામે બેન્કોએ માત્ર રુ.૪૪,૯૦૦ કરોડની લોન જ વસુલી ઝે. જેટલી લોનને માંડવાળ ખાતામાં નાંખવામાં આવી છે તેના પર નજર કરીએ તો તે વર્ષ ૨૦૧૮-૧૯માં આરોગ્ય,શિક્ષણ, અને સામાજિક સુરક્ષા પર નક્કી થયેલા કુલ બજેટ રુ.૧.૩૮ લાખ કરોડથી બેગણી વધુ છે. કોગ્રેસના પ્રવક્તા રણદીપ સુરજેવાલાએ ટ્વીટ કરીને તેને મોદી કૃપા અને પબ્લીક લુંટ ગણાવ્યા હતા. આ ચાર વર્ષોમાં ૨૧ બેન્કોએ જેટલું દેવું ઘાલખાધ ખાતામાં નાંખી દીધું છે. તે ૨૦૧૪ અગાઉના ૧૦ વર્ષ સુધી ઘાલખાધ ખાતામાં નાંખવામાં આવેલી રકમથી ૧૬૬ ગણાથી વધુ છે.

# વાહન ચાલક માટે રુપીયા ૧૫ લાખનો પર્સનલ એક્સિડેન્ટનો વિમો ફરજીયાત

મોટર-વાહનો ધરાવતાં તમામ માલિક અને ડ્રાઈવરો માટે ઈરડાએ પર્સનલ એક્સિડન્ટ કવર રુ.૧૫ લાખ ફરજીયાત બનાવ્યુ છે. આમ હવે તમામ મોટર-વાહનની વીમા પોલીસીમાં માલિક અને ડ્રાઈવર માટે પર્સનલ એક્સિડેન્ટ વીમાનું કવચ ડ્રાઈવીંગ વખતે અકસમાત સંદર્ભમાં મૃત્યુ થાય તો રુ. ૧૫ લાખ રહેશે.આમ તમામ મોટર-વાહન માલિકોએ પર્સનલ એક્સિડન્ટના વીમાની રુ. ૧૫ લાખની પોલીસી ઉતરાવવાની રહેશે.અગાઉ આ જોગાવાઈ ટુ વ્હીલસર્સ માટે ફક્ત રુ.૧ લાખ અને મોટા વાહનો માટે રુ. ૨ લાખ હતી મદ્રાસ હાઈકોર્ટ દ્વારા ચુકાદાને પગલે ઈરડાએ તેની રકમ વધારીને રુ. ૧૫ લાખ કરી છે.અને જોગવાઈઓને ફરજીયાત બનાવી છે.આ હિલચાલને કારણે અકસ્માતે મૃત્યુ પામેલી વ્યક્તિના પરિવારને અને ખાસ કરીને ટુ વ્હીલર્સ ચાલક કે જેનું મૃત્યુ થયું હોય તેના પરિવારને રાહત મળશે.કારણે મોટાભાગના ટુ વ્હીલર્સ ચાલકોનો પર્સનલ એક્સિડન્ટ વીમો ઉતરાવેલો હોતો નથી.

# આંધ્ર અને ઓરિસ્સામાં ત્રાટકેલા તીતલી વાવાઝોડાથી ૬૦ લાખને અસર

ચક્રવાત તીતલીને કારણે આંધ્રપ્રદેશ અને ઓડીશામાં ૬૦ લાખથી વધુ લોકોને અસર થઈ છે.બંન્ને રાજ્યોની સરકારોએ બચાવ અને રાહત કામગીરીને વેગીલી બનાવવા માટે એનડીઆરએફ અને ઓઢીઆરએએફના કર્મચારીઓને તૈનાત કર્યા છે.જો કે ઓડીશામાં ત્રણ લોકોના મોત થયા છે.અને છ લોકો લાપત્તા છે.જોકે ભારે ખાનાખરાબી સર્જ્યા બાદ તીતલીની ગતિ મંદ પડી છે.ઓડિશાના ત્રણ જિલ્લાઓ ગંજમ,ગજપતિ અને રાયગડામાં પુરની સ્થિતિ સર્જાઇ છે.મોટી નદીઓમાં પાણીની સપાટી વધી ગઈ છે.



**વિનંતી**

તમારી પ્રાર્થનામાં અમારી સેવાઓને ખાસ યાદ રાખશો.

## જાહેર ખબરના ભાવ

| | | | |
|---|---|---|---|
| આખુ પાન | રૂ.૧૦૫૦૦ | અર્ધુ પાન | રૂ.૫૦૦૦ |
| ૧/૪ પાન | રૂ.૨૫૦૦ | ૧/૮ પાન | રૂ.૧૦૦૦ |
| વાર્ષિક પેનલ | રૂ.૭૨૦૦ | માસિક પેનલ | રૂ.૧૦૦૦ |

ટચુકડી જાહેરાત રૂ.૫૦૦

**વ્યવસાયિક જા.ખ. રૂ.૬૦ કો.સે.મી.**

આપની કોઇપણ પ્રકારની જાહેર ખબરો સંપૂર્ણ વિગત સાથે મોકલી આપી , વિશાળ વાચક વર્ગ સુધી પહોંચાડો.જાહેરખબર દર મંગળવારે કાર્યાલય પર પહોંચાડવી

સંપર્ક : ૯૮૨૫૧ ૬૯૩૮૬

તંત્રીઃ પ્રશાંત ધોળકીયા, મુદ્રક, પ્રકાશક, માલિક, રોબિન ધોળકીયા, ધર્મેશ પ્રિન્ટોરીયમ, નવી પોળ શાહપુર અમદાવાદ ૧ થી છાપી,
૨/૧૦ સોનિયા એપાર્ટ. પી ટી કોલેજ રોડ, નારાયણનગર, અમદાવાદ-૭ થી પ્રસિદ્ધ કર્યુ.